ક્રમાંક:મઉમશબ/ 2229
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા 22/06/2021

ખૂબ અગત્યનું

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,
ગુજરાત રાજય.

વિષય :- સને-૨૦૨૦-૨૧ના વર્ષમાં અભ્યાસ કરતા ધોરણ-૧૨ના નિયમિત વિદ્યાર્થીઓના પરિણામ તૈયાર કરવા અંગે બાયસેગના માધ્યમથી માર્ગદર્શન આપવા બાબત.

સંદર્ભ :- અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/વિજ્ઞાન પ્રવાહ/૨૦૨૧/૧૯૭ તા.૧૯/૦૬/૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્રથી સને-૨૦૨૦-૨૧ના વર્ષમાં અભ્યાસ કરતા ધોરણ-૧૨ના નિયમિત વિદ્યાર્થીઓના પરિણામ તૈયાર કરવા અંગે વિગતવાર માહિતી આપવામાં આવેલ છે. રાજયમાં આવેલી શાળાઓના આચાર્યો અને શિક્ષક મિત્રો તેમજ વહીવટી સ્ટાફને ઉક્ત પરિપત્રમાં દર્શાવેલ વિગતોની યોગ્ય સમજ મળે તે આશયથી બાયસેગની વંદે ગુજરાત ચેનલ-૧ અને GSHSEB GANDHINAGAR ની YOUTUBE ચેનલના માધ્યમથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

ઉક્ત કાર્યક્રમ તા.૨૩/૦૬/૨૦૨૧ ને બુધવારના રોજ સવારના ૧૧:૦૦ કલાક થી બપોરના ૦૧:૦૦ કલાક દરમિયાન યોજાશે. ઉક્ત કાર્યક્રમમાં જિલ્લામાં આવેલી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો, શિક્ષકો અને વહીવટી સ્ટાફ ઉક્ત કાર્યક્રમ નિહાળે તે જોવા સંબંધિતોને સૂચના આપવા જણાવવામાં આવે છે.

આપના તાબા હેઠળની તમામ શાળાના આચાર્યશ્રીઓને ઉક્ત કાર્યક્રમ નિહાળવા માટે આપની કક્ષાએથી જાણકારી આપશો તેમજ આપની કચેરીના શિક્ષણ નિરીક્ષકો અને મદદનીશ શિક્ષણ નિરીક્ષકો ઉક્ત કાર્યક્રમ નિહાળે તેવી સુચના આપશો.

(ડી. એસ. પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>નકલ રવાના :-</u>

- રજિસ્ટર્ડ માધ્યમિક અને ઉચ્ચતર શાળાના આચાર્યશ્રીઓ, તમામ

ક્રમાંક:મા-૧/પરિપત્ર/૨૦૨૧/ ૮૦૦૩
જિલ્લા શિક્ષણધિકારીની કચેરી
સુરત, જિ.સુરત.
તા. ૨૨/૦૬/૨૦૨૧

નકલ રવાના જાણ તથા અમલ થવા સારૂ.

(એ.જે.પીપળીયા)
હિસાબી અધિકારી,
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
સુરત, જિ.-સુરત

પ્રતિ,
આચાર્યશ્રી, તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ,
જિલ્લો-સુરત.